જા.નં/પગાર/એરીયર્સ બીલ/૨૦૨૨/૧૬૦૫

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/3, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઈન્સ, જિ-સુરત.
તા.૨૯-૦૬-૨૦૨૨

પ્રતિ,
ગ્રાન્ટેડ બિનસરકારી અનુદાનિત માધ્ય. અને ઉ.મા.શાળાઓ તમામ,
જિલ્લો:સુરત.

વિષય: નિવૃત થયેલા કર્મચારીઓના રજા રોકડ, પગાર તફાવત, મોંઘવારી તફાવત, મેડિકલ રીએમ્બર્સમેન્ટની રકમ તથા એલ.ટી.સીનાં બીલોની માહિતી મોકલી આપવા બાબત.

સંદર્ભ: સંયુકત નિયામકશ્રી(હિસાબ),કમિશનરશ્રી શાળાઓની કચેરી-ગાંધીનગરના પત્રાંક:હસબ-ગ્રાન્ટ/૨૦૨૨-૨૩/૧૭૬૩-૯૬, તા.૨૧-૦૬-૨૦૨૨

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગ્રાન્ટેડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના નિવૃત થયેલા કર્મચારીઓના રજા રોકડ, પગાર તફાવત, મોંઘવારી તફાવત, કે અન્ય કોઇપણ એરીયર્સ બીલ તા.૦૧-૦૪-૨૦૨૨ થી તા.30-૦૬-૨૦૨૨ના રોજ નિવૃત થયેલ કર્મચારીઓની માહિતી આવરી લેવાની રહેશે. વધુમાં, નિવૃત કર્મચારીઓના મેન્યુઅલ બીલો અત્રેની કચેરી ખાતે રજુ કરેલ હોય અને બીલ મંજુર થયેલ ન હોય તેવા કર્મચારીઓની માહિતી અલગથી રજુ કરવાની રહેશે. સદર માહિતી તા-૦૧/૦૭/૨૦૨૨નાં રોજ વનિતા વિશ્રામ સ્કુલ, અઠવાલાઈન્સ, જિ-સુરત ખાતે રૂબરૂ રજુ કરવાની રહેશે. નીચે મુજબ જણાવેલ મુદાઓ ધ્યાને લઈ બિલ રજુ કરવાનાં રહેશે.

- રજા રોકડમાં રૂપાંતરીત અંગેનાં બિલોમાં કેમ્પમાં માહિતી રજુ કરતી વખતે જે કર્મચારીનું બિલ હોઇ તે કર્મચારીની અસલ સેવાપોથી રજુ કરવાની રહેશે.
- ઉપરોક્ત તમામ બીલો સ્થળ પર જ માન્ય કે અમાન્ય કરવાનાં હોવાથી તમામ બીલો ક્ષતિ-રહિત રજુ કરવાનાં રહેશે તથા સંબંધિત કર્મચારીની બેંકની વિગતો નીચે મુજબનાં નિયત કોષ્ટકમાં સોફટ કોપીમાં સાથે લાવવાની રહેશે.

| ક્રમ | કર્મચારીનું નામ | બેંક એકાઉન્ટ નંબર | IFSC CODE | મળવાપાત્ર રકમ |
|---|---|---|---|---|
| | | | | |

ઉકત માહિતી સમયમર્યાદામાં ન રજુ થવાના કારણે બીલના ચૂકવણા બાકી રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત સંચાલકશ્રી/આચાર્યશ્રીની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત.

- નકલ રવાના જાણ તથા વ્યવસ્થા કરવા સારૂ:
  - આચાર્યશ્રી, વનિતા વિશ્રામ સ્કુલ, અઠવાલાઈન્સ, જિ-સુરત.